# જાહેરનામું

## પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

### જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૪૫/૨૦૧૮ તા.૨૧/૧૨/૨૦૧૮

### ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩

નામ.સુપ્રિમ કોર્ટ દ્રારા ધ્વનિ પ્રદુષણ તથા હાનિકારક પર્યાવરણની આડઅસરથી જાહેર જનતાને બચાવવા માટે રીટ પીટીશન નં:૭૨૮/૨૦૧૮ ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ ફટાકડાના ઉત્પાદન,વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલ દિશા નિર્દેશોના અમલીકરણ તથા ફટાકડાના કારણે આગ અકસ્માતના બનાવો ન બને, જાહેર જનતાને અગવડ ન પડે તેમજ જાહેર જનતાની સલામતી માટે નાતાલ તથા નવા વર્ષની ઉજવણી અન્વયે અમદાવાદ શહેરમાં ફટાકડાના ખરીદ,વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

આથી હું એ.કે.સિંઘ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમની સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (b), કલમ ૩૩ (૧) (u) હેઠળ મળેલ સતાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તારમાં ફટાકડાના ખરીદ,વેચાણ તથા ઉપયોગ બાબતે નીચે મુજબના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવું છું.

<u>કૃત્યો</u>

(૧) નાતાલ-(ક્રિસમસ) તા.૨૪/૧૨/૨૦૧૮ ના રાત્રીના તથા નવાવર્ષની પૂર્વસંધ્યાએ ૩૧/૧૨/૨૦૧૮ ની ઉજવણી અન્વયે રાત્રીના ૨૩:૫૫ થી ૦૦:૩૦ સુધી માં જ ફટાકડા ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Series Cracker or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખે શકાશે નહિ, ફોડી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૩) હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્રારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્રારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર "PESO ની સુચના પ્રમાણેનુ" માર્કિંગ હોવુ જરૂરી છે.

(૪)હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે. અને ત્યા કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ.

(૫) કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૬) ઈ-કોમર્સ વેબસાઈટ ફ્લીપકાર્ટ એમેઝોન સહીતની કોઇ પણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહિ. ઓનલાઈન વેચાણ કરી શકાશે નહિ.

(૭) લોકોને અગવડ ઉભી ન થાય કોઈપણ ભયજનક પરિસ્થિતીનુ નિર્માણ ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈમથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી.

આ જાહેરનામાનો અમલ તારીખ : ૨૧/૧૨/૨૦૧૮ થી તા.૦૩/૦૧/૨૦૧૮ સુધી રહેશે

૨૦/૧૨/૧૮
પોલિસ કમિશ્નર કચેરી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારિશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :૨૧/૧૨/૨૦૧૮ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ
૨. અધિક મુખ્ય સચીવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.
૪.પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી ફોરેસ્ટ અને એન્વાયરમેન્ટ ડીપાર્ટમેન્ટ, બ્લોક નં૧૪, આઠમો માળ,સચિવાલય, અમદાવાદ
૫. કલેક્ટરશ્રી જીલ્લા કલેક્ટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.
૬. અમદાવાદ રજીસ્ટ્રાશ્રી, ગુજરાત હાઇકોર્ટ ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
૭. રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૮. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૯. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા અમદાવાદ (૨૫ નકલ)
૧૦. અમદાવાદ મ્યુનીસિપલ કમિશનરશ્રી દાણાપીઠ અમદાવાદ શહેર.
૧૧. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.
૧૨. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર.
૧૩. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
 ૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ.

<u>નકલ રવાના :</u>

૧. ખાસ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ શાખા
૨.સંયુક્ત પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૧
૩.અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨, ક્રાઇમ, વિશેષ શાખા, ટ્રાફિક શાખા, તથા પોલીસ મુખ્ય મથક, અમદાવાદ શહેર.
૪. નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન ૧ થી ૭ અમદાવાદ શહેર. /ક્રાઇમ શાખા/ટ્રાફીક શાખા
૫. મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ થી એન ડિવિઝન અમદાવાદ શહેર.
૬. જનસંપર્ક અધિકારી કન્ટ્રોલ રુમ અમદાવાદ શહેર.
 ૨/- જાણસારુ દૈનીક પત્રોમાં, દૂરદર્શન, આકાશવાણી ઉપર પ્રસીધ્ધ કરવા સારુ.
૭. મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક બ્રાન્ચ અમદાવાદ શહેર (તમામ ટ્રાફીક ડીવીઝન તરફ)
 ૨/- ટ્રાફિક મોબાઇલ, વાન મારફતે જાહેરનામાની જાણ કરવા સારુ.
૮. તમામ પોલીસ ઇન્સપેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
 ૨/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ તેમજ જાહેરનામાની આપના વિસ્તારમાં પ્રસિદ્દિ આપવી.